# Media Coverage & Appreciation

I WANT TO STUDY

Vidhya Bharati Foundation

people for peoples' awarness



તા. ૧૪-૧૧-૨૦૧૧

## સંદેશ

શિક્ષણથી વંચિત શૈશવ રાષ્ટ્રની આવતી કાલને અંધારી બનાવનારું બની રહે છે. ભણતર ભૂખ્યાં બાળકો જ્યારે વિદ્યાની સુવિધા ન પામી શકે ત્યારે સમાજઘડતરનો પાયો કાચો રહે છે. એમનાં અરમાનોનું આકાશ વિકાસનું પ્રભાત ભાગ્યે જ થઈ શકે છે. માટે જ ગરીબીના દૂષણને હાંકી કાઢવા તેમનામાં સાક્ષરતાનું સિંચન કરવાનું કાર્ય કરવું એ રાષ્ટ્રનિર્માણ જેવું ઉમદા કાર્ય છે. વિદ્યા ભારતી ફાઉન્ડેશન- **"સવેરા સ્કૂલ"** ના માધ્યમથી રસ્તે રઝળતા શિક્ષણવંચિત બાળકો માટે ભણતરની વૈકલ્પિક વ્યવસ્થા સાથે સમાજ કલ્યાણની જે અનન્ય પ્રવૃત્તિમાં કાર્યરત છે તે સાચેજ અભિનંદનીય છે. એમની પ્રવૃત્તિઓને વેગ મળે અને વિદ્યાદીપનાં અજવાળા પ્રસરી રહે તેવી શુભેચ્છા સાથે.

સૌનો,

(નરેન્દ્ર મોદી)

પ્રતિ,
**Vidya Bharti Foundation**,
B-203, Earth Avenue,
Nr. Anandnagar Circle,
Satellite,
Ahmedabad- 380051.
E-mail: saveravbf@gmail.com

નરેન્દ્ર મોદી
મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય

# સાહેબ, મારે ભીખ નથી માંગવી ભણવું છે..!

## ■ ગરીબ બાળકોને નિઃશુલ્ક શિક્ષણ આપતી શાળા 'સવેરા'નું આજે ઉદ્‌ઘાટન

અમદાવાદ, તા.૭

ચાર રસ્તા પર કાર ઊભી રાખીએ એટલે તરત જ દોડીને એક બાળક કાચ સાફ કરવા માંડે છે અને પછી કંઈક આપો તેવી કાકલુદી કરે છે. બાઈક ઊભું રાખો એટલે આપણી પાછળ બેઠેલા વ્યકિત સાથે આપણે વાતોમાં મશગુલ હોઈએ ત્યારે બાજુમાં આવીને એક બાળક હાથ ફેલાવે છે અને પેટનો ખાડો પુરવાની આજીજી કરે છે. આપણા હૃદયમાં રામ વસે તો આપણે તેને કંઈક આપીએ છીએ, નહીં તો ધુત્કારીને કાઢી મૂકીએ છીએ. આ બાળકને પણ ભણીગણીને આગળ વધવું છે. પરંતુ તેના આ સ્વપ્નો તેની દયનીય આર્થિક પરિસ્થિતિ સાથે અથડાઈને ચકનાચુર થઈ જાય છે.

ભીખ માંગતા અને કચરો વીણતા બાળકોના આવા સ્વપ્નોમાં પ્રાણ પુરવા વસ્ત્રાપુર અંધજન મંડળના નવા કેમ્પસમાં એક દંપતીએ ગરીબ બાળકોને નિઃશુલ્ક શિક્ષણ આપવા 'સવેરા' શાળા ચાલુ કરી છે. તેમના આ વિચારને કેટલાક કરુણાહૃદયી સજ્જનોએ વધાવી લીધો અને બાળકોને શિક્ષણ આપવાનું નક્કી કર્યું.



આ શાળાને અહીં ચાલુ કરવાનું કારણ આઈઆઈએમ કેમ્પસ આસપાસના વિસ્તારમાં કેટલાય લોકો ફૂટપાથ પર રહે છે. તેમના બાળકો દિવસે કચરો માંગવાનો કે પછી ભીખ માંગવાનું કામ કરે છે. જોકે તેમને આ કામ ગમતું નથી પરંતુ પરિવારની આર્થિક સ્થિતિને કારણે તેના માતા-પિતા તેમને આવું કામ કરવા મોકલે છે એટલે તેઓ જાય છે. છેલ્લા એક મહિનાથી આ શાળા ચાલુ કરાય છે. શાળા ચાલુ કરાય ત્યારે પ્રાયોગિક ધોરણે ચાલુ કરાય હતી. કારણ કે આ શાળામાં ચાલુ કરવા સામે મોટો પ્રશ્ન હતો સંખ્યા. માતા-પિતાના આગ્રહને કારણે ભીખ માંગવાનો અને કચરો વીણવામાંથી કેટલા લોકો શાળાએ આવશે તે શંકા હતી. એક મહિના સુધી સતત ૨૦થી૩૦ બાળકો દરરોજ શાળાએ આવતા, છેવટે 'સવેરા'ને કાયમી ધોરણે ચલાવવાનો નિર્ણય લીધો.

સવારથી બપોર સુધી ભીખ માંગવાનું કામ કરતા એક બાળકે કહ્યું હતું કે મારે શિક્ષણ લેવું છે પરંતુ મારા માતા-પિતા મને ભીખ માંગવા મોકલે છે. ઉપરાંત કચરો વીણવા જતી એક કિશોરીએ કહ્યું હતું કે તે શાળાએ જતી હતી પરંતુ કચરો વિણવાની કામગીરીને કારણે નિયમિત શાળાએ જઈ શકતી ન હતી. જેથી શાળામાંથી નામ કાઢી નાખવામાં આવ્યું હતું.

આ શાળાઓ શરૂ કરવાનો વિચાર કંઈ રીતે આવ્યો તે અંગે નીતાબેન ત્રિવેદીએ કહ્યું કે હું અને મારા હસબન્ડ હરેશ ત્રિવેદીએ એક વખત મારા સેટેલાઈટ વિસ્તારના ફ્લેટ પરની બાલ્કનીમાં ઊભાં હતાં ત્યારે ત્યાં સામે બની રહેલી બિલ્ડિંગમાં કામ કરતાં મજૂરોના સંતાનોને ભટકતાં જોઈને તેમના બાળકોને શિક્ષણ આપવાની ઈચ્છા થઈ. ત્યારથી બાળકોને શિક્ષણ આપવા સાથે આ કાર્ય શરૂ કર્યું હતું.

અત્યારે શહેરના રિવરફ્રન્ટ પર કામ કરતા મજૂરોના બાળકોને શિક્ષણ આપવાનું પણ ચાલે છે. ઉપરાંત અહીંયા પણ આ શિક્ષણયજ્ઞ ચાલુ કર્યો છે. તેની સરકારી માન્યતા માટે પણ પ્રયાસો ચાલુ છે. જેથી આ બાળકોને આગળ સરકારી શાળામાં અભ્યાસ કરવો હોય તો કરી શકે. હાલ જીઈબીના ઈજનેર દુષ્યંત શાહ, નિવૃત્ત શિક્ષિકા હંસાબેન શાહ, સેપ્ટના વિદ્યાર્થીઓમાં સ્નેહલ અને અન્ય એક મેનેજમેન્ટ કન્સલટન્ટ પણ બાળકોને શિક્ષણ આપવા આવે છે.

### ટોવેલ જોઈ ગરીબ બાળકોને આશ્ચર્ય

રસ્તા પર રહેતા પરિવારોનાં બાળકો આ શાળામાં આવે છે. તેઓ આસપાસમાંથી કેરબા મારફત પીવા અને રસોઇ બનાવવા પુરતું પાણી લાવતાં હોવાથી નાહવાનું પાણી મળતું નથી. જેને કારણે તેઓ દરરોજ નાહતા નથી. સુલભ શૌચાલયમાં નાહવા જાય તો રૂ.૫નો ખર્ચ થાય એટલે તેઓ જઇ શકતાં નથી. શાળામાં પ્રથમ પાઠ તેમને સ્વચ્છતા અને વર્તણુંકનો શીખવાડાય છે. દરરોજ નાહવાનું કહેવાય છે. બાળકો દરરોજ નાહી-ધોઈ શકે એટલે તેમને એક સેવાભાવી બહેને ટુવાલ આપ્યા હતા. પરંતુ આ ટુવાલ જોઇને બાળકોએ કહ્યું કે આ શું કહેવાય, ચાદર છે? અર્થાત તેમને એ પણ ખબર નથી કે નહાતી વખતે ટુવાલની પણ જરૂર પડે છે.

### શાળાએથી છૂટી સીધા ભીખ માંગવા જતા

છેલ્લા એક મહિનાથી ચાલતી શાળામાં બાળકોને ભીખ ન માંગવાનું કહેવાય છે. પરંતુ પરિવારના આગ્રહ અને નબળી આર્થિક સ્થિતિને કારણે બાળકોને ભીખ માગવી પડે છે. સાંજે પાંચ વાગ્યે ચાલુ થતી શાળા મોડી સાંજે સાત વાગ્યે પૂરી થાય પછી કેટલાક બાળકો છૂટીને સીધા આઇઆઇએમ-એ ચાર રસ્તા પર ભીખ માંગવા ઊભા રહી જાય છે. જોકે આ પ્રવૃત્તિ છોડવવા માટે હજુ સમય લાગશે તેવું શાળામાં સેવા આપતા સેવાભાવીઓનું કહેવું છે.

# શિક્ષણથી વંચિત બાળકોને શાળાએ પહોંચાડતું યુગલ

અમદાવાદ, તા.૩

બાળમજૂરી કરતા બાળકો શાળાના શિક્ષણથી વંચિત રહે છે. આવા વંચિત શિક્ષણ આપવાનો ભગીરથ કાર્ય શહેરનું એક દંપતી કરી આપવાનું રહ્યું છે.

પ્રથમ દષ્ટિએ સામાન્ય લાગતું આ અસામાન્ય કામ જીએચસીએલમાં નોકરી કરતા હરેશભાઇ ત્રિવેદી અને તેમના પત્ની જીતાબેન ત્રિવેદી કરે છે. આવું કાર્ય કરવાની પ્રેરણા તમને કયાંથી મળી-તેવો પ્રશ્ન પૂછતા જ ભૂતકાળનું કોઇ દશ્ય નજર સામે ખડું કરતા હોય તે રીતે હરેશભાઇ કહે છે કે, સેટેલાઇટમાં મારા ઘરની પાસે એક ટાવર બનતો હતો. મારા પત્ની શિક્ષિકા હતાં. હું મારા પત્ની સાથે ટાવરના બાંધકામની કામગીરી જોતાં ત્યારે બાંધકામ કરતા મજૂરો અને તેની સાથે કે આસપાસમાં ધૂળ, રેતી કે ઇંટથી રમતાં તેમનાં બાળકો પર અમારી નજર પહોંચી હતી. છેલ્લા કેટલાક સમયથી



મહેક

મારા પત્ની મને કહેતા હતા કે, શિક્ષક તરીકેની મારી નોકરીથી હું કંટાળી ગઇ છું. એવું કંઇક કરવા માંગુ છું કે, જીવન જીવ્યાનો આનંદ થાય. પછી અમે બાળકોને શિક્ષણ આપવાની પ્રવૃત્તિ કરવાની પ્રેરણા આપી, તેની સાથે હું પણ જોડાયો. શરૂઆતમાં અમે જે મોટા બિલ્ડિંગો બંધાતા હોય ત્યાં જઇએ અને બિલ્ડરને વિનંતી કરીએ કે અહીં તમારા મજૂરોનાં સંતાનોને શિક્ષણ આપવાની મંજૂરી આપો પરંતુ શરૂઆતમાં કોઇ તૈયાર થયું નહીં. આવા પ્રયત્નોમાં એક વર્ષ પહેલા અમે રિવરફ્રન્ટની સાઇટ પર પહોંચ્યા. ત્યાંના કોન્ટ્રાકટરને વાત કરતા તેઓ સહમત થયા અને અમે સુભાષબ્રિજ નીચે એક શેડમાં શાળા ચાલુ કરી. હાલમાં ત્યાં ૩૫થી ૪૦ બાળકો શિક્ષણ લે છે. અલગ અલગ રાજ્યનાં બાળકો હોવાથી અમે તેમને હિન્દી, અંગ્રેજી અને ગુજરાતી માધ્યમમાં શિક્ષણ આપીએ છીએ. તેઓ વિનામૂલ્યે પાઠયપુસ્તક, સ્ટેશનરી, ફેસ્ટિવલ સેલિબ્રેશનનો લાભ મેળવે છે. અમદાવાદમાં આવા અંતરિયાળ વિસ્તારોમાંથી આવતા વાલીઓનાં સંતાનો શિક્ષણથી વંચિત ન રહે તેવું કરવાની અંતરની ઇચ્છા છે. એટલા માટે વિદ્યાભારતી ફાઉન્ડેશન નામની સંસ્થા ચાલુ કરી છે.

# ચલો, સ્કૂલ ચલે...

દસ મહિનામાં સ્કૂલની પાંચમી બ્રાન્ચ ખૂલી... અમદાવાદમાં ત્રણ સહિત ગુજરાતમાં કુલ પાંચ બ્રાન્ચ ધરાવતી *સવેરા સ્કૂલ*ની વિશેષતા એ છે કે એના સંચાલકો બાળકોને ડોનેશન, ફી કે યુનિફૉર્મ વિના મહદઅંશે એમના ઘરઆંગણે જ ભણાવે છે. નાસ્તાથી માંડીને વસ્ત્રોની પણ સમયાંતરે સહાય કરે છે.

આ કામ કરે અમદાવાદનું ત્રિવેદીદંપતી. ગુજરાત રાજ્યના એક નિગમમાં માનવ સંશોધન અધિકારી તરીકે કામ કરતા હરેશ ત્રિવેદી અને એમનાં પત્ની નિવૃત્ત શિક્ષિકા જિતાબહેને પોતાના ક્ષેત્રનો અનુભવ કામે લગાડીને સ્વેચ્છાએ સમાજસેવાના ઉદ્દેશથી વિચરતી જાતિનાં ગરીબ બાળકોને એમના ઘરઆંગણે વિનામૂલ્યે પ્રાથમિક શિક્ષણ આપવા *સવેરા સ્કૂલ* સ્થાપી છે.

હરેશભાઈ કહે છેઃ 'કન્સ્ટ્રક્શન સાઈટ, ઈંટોના ભઠ્ઠા, રસ્તા-પુલ, વગેરે બાંધકામ સ્થળે કામ કરતા શ્રમિકોનાં સંતાનોનું બાળપણ ગંદા અને અસુરક્ષિત સ્થાનોએ વીતે છે. આ બાળકો ક્યારેક ઘર કે ભાઈભાંડુને સાચવે છે, માતા-પિતાને પણ મદદ કરે છે. એ બાળકો ભવિષ્યમાં શ્રમિકના બદલે શિક્ષિત બને એવા ઉદ્દેશથી બાળકોને એમના ઘરઆંગણે પ્રાથમિક શિક્ષણ આપીએ છીએ.'



દરેક મહિના પહેલાં ત્રિવેદીદંપતીએ અમુક કાર્યકરોની મદદથી અમદાવાદના સાબરમતી રિવર ફ્રન્ટસાઈટ પર કામ કરતા મજૂરોનાં ૩૫ જેટલાં બાળકોને ભણાવ્યાં. સાઈટ પર કામચલાઉ ક્લાસ રૂમ બનાવવા શહેરની જાણીતી કન્સ્ટ્રક્શન ફર્મ *જેએમસી*એ એમાં સહયોગ આપ્યો. પ્રોત્સાહનજનક પ્રતિસાદ મળ્યો એટલે અમદાવાદમાં વધુ બે સ્થળ ઉપરાંત પોરબંદર અને થોળ ગામમાં *સવેરા* શરૂ કરી.

એમાં નાટ્યનિર્માતા પ્રકાશ જાડાવાલા, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સુધીર શાહ, અજય ભટ્ટ અને કમલ દવેનો સાથ મળ્યો. ઉપરાંત, બાળકોને મફત ભણાવવા માટે હોંશીલા નિવૃત્ત શિક્ષકો અને તેજસ્વી વિદ્યાર્થીઓનો સપોર્ટ મળ્યો. દાતા તરફથી આ બાળકો માટે સ્લેટ, પેન, પેન્સિલ, નોટ, દેશી હિસાબ સાથેની સ્કૂલબૅગની ભેટ મળી. પ્રકાશ જાડાવાલા કહે છેઃ 'સમાજની સફળ તેમ જ ઉત્સાહી વ્યક્તિઓના સહયોગથી જ આવી પ્રવૃત્તિ વેગવંતી બની શકે.'

# ાદ્ભાવના

### અમદાવાદની સવેરા સ્કૂલ શાળાની દીવાલોની બહાર, ખુલ્લા આકાશ નીચે શિક્ષણની જ્યોત પ્રસરાવી રહી છે

# ાળકો પાસે સામેથી ચાલીને પહોંચતી 'શાળા'

દ્ર સરકારનું સર્વ શિક્ષા મભિયાન દેશભરની માંતરીયાળ શાળાઓ સુધી ભલે હોય, પરંતુ સર્વ શિક્ષાનો ઉદ્દેશ્ય થઈ શક્યો નથી. કારણ આ મનેક એવાં બાળકો છે, જેઓ પર જન્મે છે અને જન્મતાની સૌથી પહેલા પ્રેક્ટિકલી સંઘર્ષનો બે છે, તેઓ ક્યારેય શાળાએ તાં નથી. શાળાની દીવાલોના રહેલું સર્વ શિક્ષા અભિયાન સુધી પહોંચી શકતું નથી, પરંતુ કૂલ ઈંટ-રેતીની દીવાલો ભેદીને ને આવા બાળકો સુધી, તેમના સમયે પહોંચાડી રહી છે.

રની સવેરા સ્કૂલનું સંચાલન રતી ફાઉન્ડેશન કરી રહ્યું છે. પર રહેતાં કે ગરીબ માતા-બાળકો માટે પૈસા કમાવા એ ભણવા જવા માટે વધુ જરૂરી . આ માટે બાળકો કચરો ાં, ચાની કીટલીઓ પર કે બીજા કોઈ સ્થળે મજૂરી કામે લાગી જાય છે. ઉપરાંત બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન સાઈટ પર છૂટક મજૂરી કરતા લોકોનાં બાળકો પણ શાળાએ જઈ શકતા નથી. સવેરા સ્કૂલ આવાં બાળકોનો સંપર્ક કરે છે. આ બાળકો જ્યારે ફ્રી હોય ત્યારે 'બાલમિત્ર' (શિક્ષક) તેમનાં જ રહેઠાણ સ્થળે જઈને બેથી ત્રણ કલાક સુધી પ્રાથમિક શિક્ષણ આપે છે.

હાલ અમદાવાદમાં આવા સાત અલગ-અલગ કેન્દ્રો પર બાળકોને અક્ષરજ્ઞાન આપવાનો શિક્ષણયજ્ઞ ચાલી રહ્યો છે. જેમાંનું એક કેન્દ્ર અંધજન મંડળમાં ચાલે છે, જ્યાં આઈઆઈએમ પાસે ફૂટપાથ પર વસતા લોકોનાં બાળકોને શિક્ષણ આપવામાં આવે છે. ઉપરાંત સેટેલાઈટ, રામદેવનગર, પ્રહલાદ્નગર, સિવિલ હોસ્પિટલમાં પણ કેન્દ્રો કાર્યરત્ છે.

વિદ્યાભારતી ફાઉન્ડેશનના સંચાલક હરેશભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, આ સંસ્થાની શરૂઆત



૨૦૦૯માં સાબરમતી રિવરફ્રન્ટમાં શિક્ષણકાર્યથી થઈ હતી. થોડા મિત્રોએ મળીને શરૂ કરેલી સંસ્થામાં અત્યારે ૧૦૦ જેટલા નોંધાયેલા સ્વયંસેવકો છે, તેમાંથી અત્યારે તેમાંથી ૩૦ સ્વયંસેવકો ફુલ સક્રીય છે.


સવેરા સ્કૂલ શરૂ કરવાનો વિચાર કેવી રીતે આવ્યો ? એ અંગે હરેશભાઈએ કહ્યું હતું કે, મારા ઘરની બાજુમાં એક ટાવર બની રહ્યો હતો. આ ટાવરમાં કામ કરતા મજૂરોનાં છોકરાઓને અહીં રમતાં જોયા ત્યારે આવાં બાળકોના શિક્ષણનું શું? તેમનાં માટે કંઈક કરવું જોઈએ, તેવો વિચાર આવ્યો. મારી પત્ની પણ બી.એડ. થયેલી હોવાથી તેને પણ બાળકો માટે કંઈક કરવાની ઈચ્છા હતી. અમે એક કોન્ટ્રાક્ટરનો સંપર્ક કર્યો, પરંતુ તેમાં સફળતા મળી નહીં. એકવાર તો અમને એવું લાગ્યું કે અમે સફળ નહીં થઈએ, પરંતુ અંતે અમે રિવરરફ્રન્ટ સાઈટ પર સવેરા સ્કૂલ શરૂ કરવામાં સફળ થયા. જે પછી અમે અલગ અલગ જગ્યાઓ પર સવેરા સ્કૂલ શરૂ કરી.

હાલ સવેરા સ્કૂલ માટે નવ શિક્ષકોને રાખવામાં આવ્યા છે. જેમને માનદ્ વેતન પણ ચૂકવવામાં આવે છે. એક સેન્ટરમાં ૨૫થી ૩૦ બાળકો ભણવા આવે છે. ઉપરાંત આ બાળકોનો રસ વધે તે માટે ટેલેન્ટ શો જેવાં કાર્યક્રમો યોજવામાં આવે છે. આવા કાર્યક્રમોમાં તેમના માતા-પિતાને પણ બોલાવવામાં આવે છે, જેથી તેઓ પોતાના બાળકના કૌશલ્યને જોઈ શકે.

સવેરામાં ભણતાં બાળકો શાળામાં જતાં થાય તે માટે તેમના માતા-પિતાને વિદ્યાભારતી ફાઉન્ડેશન સમજાવે છે અને તેમને શાળાએ જતાં કરે છે.

## મન હોય તો માળવે જવાય

# વિચારની એ કુંપળ આજે છોડ બની લહેરાઈ રહી છે



હરેશભાઈ ત્રિવેદી

**૨૦૦૮ની એક સમી સાંજે ઘરની ગેલરીમાં બેઠેલાં હરેશભાઈ અને તેમનાં પત્નીને ઘરની સામે કન્સ્ટ્રક્શન સાઈટ પર કપચી-રેતીથી રમી રહેલાં બાળકોના ભવિષ્યની ચિંતા થઇ અને એ વિશે કોઈને ઉપદેશ આપવાને બદલે તેમણે જ શહેરમાં આવાં બાળકોના શિક્ષણની જવાબદારી ઉપાડી લીધી...**

**અલકેશ પટેલ >**

સમાજમાં એવા ઘણા સંવેદનશીલ લોકો હોય છે જેઓ ગરીબોને જોઈને વ્યથિત થતા હોય છે, ગરીબ બાળકોને જોઈને તેમના દિલમાં પીડા થતી હોય છે, પરંતુ દરેક માટે સીધેસીધું સમાજસેવામાં ઝૂકાવી દેવાનું શક્ય હોતું નથી. આવા કેટલાક લોકો સેવાની કામગીરી કરતા એનજીઓ કે ધાર્મિક સંગઠનોને આપીને સામાજિક જવાબદારી નિભાવતા હોય છે. પરંતુ લાખો લોકોમાં એવા પણ કેટલાક હોય છે જે સીધા જ સમાજસેવામાં ઝૂકાવી દેતા હોય છે. અમદાવાદના પ્રહલાદનગર વિસ્તારમાં આવું જ એક દંપતિ છે જેને શહેરની વિવિધ કન્સ્ટ્રક્શન સાઈટ પર કામ કરતા મજૂરોના બાળકોની ચિંતા થઈ અને એ વિશે લિપ-સર્વિસ કરવાને બદલે કે પછી કોઈને નાણાં આપીને સંતોષ માનવાને બદલે જાતે જ કામગીરી ઉપાડી લીધી.

હરેશભાઈ અને જિતાબેને કન્સ્ટ્રક્શન સાઈટ પર તેમજ ફૂટપાથ પર રહેતા શ્રમિક પરિવારોનાં બાળકોને ભણાવવાનું નક્કી કર્યું. તેમણે આ સંકલ્પ કર્યો તે સમયે તો તેમની પાસે આવી કામગીરી માટેની વધારાની નાણાકીય સગવડ કે તેમને સાથ આપી શકે એવા માણસોની ટીમ નહતી, છતાં પ્રારંભ કરવાનું નક્કી કર્યું. જે કન્સ્ટ્રક્શન સાઈટ પર શિક્ષણથી વંચિત રહેતાં બાળકોને જોઈને તેમને આ વિચાર આવ્યો હતો ત્યાં પહોંચ્યાં અને બિલ્ડિંગ બનાવી રહેલા કોન્ટ્રેક્ટરને વાત કરી, પરંતુ તેણે તો ત્યાં રમતાં મજૂરોનાં બાળકોને ભણાવવા દેવાની



કે એવી કોઈ સુવિધા આપવાની ના પાડી દીધી. પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવી સ્થિતિ થઈ, પરંતુ ત્રિવેદી દંપતિનો ઈરાદો મક્કમ હતો. મિત્રવર્તુળમાં આ અંગે વાતચીત દરમિયાન જેએમસી પ્રોજેક્ટ નામની કંપનીએ આવા ઉમદા કામ માટે નાણાકીય સહાય આપવાની તૈયારી બતાવી. હરેશભાઈ અને જિતાબેને ૨૦૦૮માં તે સમયે રિવરફ્રન્ટની કામગીરીમાં રોકાયેલા મજૂરોનાં બાળકોને ભણાવવાનું શરૂ કર્યું. પાંચ વર્ષના ગાળામાં આજે તેઓ શહેરમાં પાંચ કરતાં વધુ સ્થળે ફૂટપાથ અને ઝૂંપડપટ્ટીમાં રહેતા પરિવારોનાં બાળકોને શિક્ષણ આપે છે એટલું જ નહીં પરંતુ સંખ્યાબંધ વાલીઓને સમજાવીને તેમનાં બાળકોને સ્કૂલમાં દાખલ પણ કરાવ્યા છે. હજુ સુધી કોઈ કોર્પોરેટ હાઉસ કે સરકાર પાસેથી નાણાકીય સહાય ન લેનાર ત્રિવેદી દંપતિ શુભેચ્છકો દ્વારા મળતી આર્થિક સહાયને આધારે સમગ્ર કામગીરી ચલાવે છે. વિદ્યાભારતી ફાઉન્ડેશન બનાવીને તેના નેજા હેઠળ સવેરા સ્કૂલ ચલાવતા હરેશભાઈની ટીમમાં આજે તો સાત શિક્ષક ઉપરાંત ૧૫ જેટલા વોલેન્ટિયર છે, જેમાં ઈશરોના કેટલાક જુનિયર યુવાન સાયન્ટિસ્ટનો પણ સમાવેશ થાય છે. ૬૫ વર્ષના સિનિયર સિટિઝન રામઅવતાર ચૌધરી પણ આ અભિયાનના એક વોલેન્ટિયર છે.

શ્રમિકોનાં બાળકોને શિક્ષિત કરવાના અભિયાન દરમિયાન તમાકુની બદી ધ્યાનમાં આવતા હરેશભાઈ હવે પાયામાં જ એટલે કે શાળા કક્ષાએ જ તમાકુ વિરોધી અભિયાન શરૂ શરૂ કરવા તૈયારી કરી રહ્યા છે. પોતાની કામગીરીને કોઈ બહુ મોટી સિદ્ધિ નહીં ગણાવતા હરેશભાઈને જોકે એક બાબતે ભારે ગર્વ છે કે ખાસ કરીને આઈઆઈએમ નજીકની ઝૂંપડપટ્ટીના બાળકો પહેલાં તેમની પાસે કોઈ પ્રવૃત્તિ ન હોવાને કારણે ભીખ માગતા હતા તે હવે સંપૂર્ણ બંધ થઈ ગયા છે. આઈઆઈએમ પાસેની ઝૂંપડપટ્ટીનાં બાળકોને ચાર રસ્તા પર આવેલી અંધજનમંડળના એક રૂમમાં ભણાવવાની વ્યવસ્થા થઈ શકી છે. અલબત્ત, આ પરિવારોએ ક્યારેક સ્થળાંતર કરવું પડતું હોવાથી નિયમિતતા જળવાતી નથી, તેમછતાં નિરાશ થયા વિના કામગીરી ચાલુ રાખી છે. હરેશભાઈ અને તેમની ટીમે હાલ જોધપુર ગામની પાછળ વ્રજધામ હવેલી પાસે, પ્રેરણાતીર્થ માર્ગ પર ઓમકારેશ્વર મહાદેવના આંગણામાં, શેલ્બી હોસ્પિટલની પાછળ સાંઈબાબા મંદિરના ચોગાન વગેરે સ્થળે સવેરા સ્કૂલનો યજ્ઞ પ્રજ્વલિત રાખ્યો છે.

3/2/2014

નવગુજરાત સમય

# એક સાક્ષર વ્યક્તિ અનેક નિરક્ષરને સાક્ષર બનાવી શકે છે



અમદાવાદ જેવા શહેરોમાં શિક્ષણ મેળવતા અનેક મધ્યમવર્ગી અને ગરીબ બાળકો માટે અનેક ગ્રુપ તેમને શિક્ષણ મેળવવામાં મદદરૂપ થતા હોય છે. પ્રયત્ન ગ્રુપની શરૂઆત એક ઉમદા વિચાર અને ઉમદા કાર્યના નિરંતર પ્રયાસ સાથે થઈ હતી. માત્ર બેથી ત્રણ વ્યક્તિઓ દ્વારા શરૂ થયેલા પ્રયત્ન ગ્રુપમાં અત્યારે અનેક યંગસ્ટર્સ અને બિઝનેસ પર્સન જોડાયેલા છે. ગઈકાલે પ્રહલાદનગર ગાર્ડન નજીકની નર્મદા કોલોની ખાતે સ્કૂલમાં ભણતા મધ્યમવર્ગી અને ગરીબ બાળકો માટે એક કાર્યક્રમ હાથ ધરાયો હતો. જેમાં અહીં રેગ્યુલર ભણવા આવતા વિદ્યાર્થીઓને શૈક્ષણિક ચીજ વસ્તુઓનું વિતરણ કરી યંગસ્ટર્સ દ્વારા આ બાળકોને ભણાવવામાં આવ્યા હતા. શહેરના અનેક વિદ્યાર્થીઓને મોંઘવારીમાં તેમના માતા-પિતા ભણવાનું છોડાવી દેતાં હોય છે. તેવા સમયમાં આવા શૈક્ષણિક કાર્યને પ્રોત્સાહન આપતાં પ્રયત્નોથી અનેક બાળકોનું ભાવિ ઉજળું બની શકે છે.

ફોટોઃ સુરેશ મિસ્ત્રી

## SCHOOL ON STREET



Meet the volunteers of Savera Street School who run an open school for underprivileged kids between 8 am and 11 am in Prahladnagar. Hats off to crusaders of Right to Education

—Piyush Patel.dna

# Karnavati Club: 46 nominations

*31 members file nomination on the last day, final list on August 7*

dna correspondent

filed their nomination on the last day of filing nomination, on wednesday. Of the 31 names, 17 member's have the support of Member's power panel which had won the recently concluded elections at Rajpath club. In all, 46 mem-

### 7 Year rule will create controversy

As per the club board rule, a member, who has not completed 7 years in the club, cannot contest the election. This rule has been challenged at the Registr the Companies (ROC) by one of the members, Anil Sh

દિવ્ય ભાસ્કર

અમદા

## ગરીબ પરિવારના સ્કૂલ ડ્રોપ-આઉટ બાળકોને શિક્ષણ દાનનો ખુલ્લા આકાશ તળે મહાયજ્ઞ



અત્યારે બદલાતા સમયની સાથે શિક્ષણમાં આવેલા પરિવર્તન અને આધુનિકતાને મ્યુનિ. સંચાલિત સ્કૂલો કોઈ કારણસર આત્મસાત કરી શકતી નથી. આ કારણે મ્યુનિ. સ્કૂલોમાંથી શ્રમજીવી પરિવારના બાળકો ડ્રોપ-આઉટ થવાનું પ્રમાણ ચિંતાજનક હદે વધી ગયું છે. આ સમસ્યાને નિવારવા વિદ્યાભારતી ફાઉન્ડેશન દ્વારા શહેરના સ્લમ વિસ્તારોમાં સ્ટ્રીટ સ્કૂલ શરૂ કરાઈ છે. અહીં ખાસ ડ્રોપ-આઉટ બાળકોને તેમની વય મૂજબના ધોરણનો અભ્યાસ કરાવાય છે. આ માટે પહેલા બાળકોનો ટેસ્ટ લઈ તેમના બુદ્ધિઆંક મુજબ તેમનું ધોરણ નક્કી કરાય છે. અહીં એસ.જી. હાઈવે પર શેલ્બી હોસ્પિટ પાછળની ગલીમાં આવા 45 જેટલા સ્કૂલ ડ્રોપ-આઉટ બાળકોને દિવસની બે પાળીમાં ભણાવાય છે અને અહીં અક્ષરજ્ઞાન મેળવી બાળકો પાછા સ્કૂલમાં ભણવા જાય છે. • પિયૂષ પટેલ

ગુજરાત સમાચાર plus

CITY TALKS | BOLLYWOOD | EVENTS FASHION MOVIES NEWS FOOD FUNDA GADGE

રવિવાર
૬ મે ૨૦૧૨

# કઠપૂતળીના માધ્યમથી વૈજ્ઞાનિક સિદ્ધાંતોની કાર્યશાળા

ઈંગ્લિશ મિડીયમ સ્કુલમાં અભ્યાસ કરતા કોઈ બાળકને જો વિજ્ઞાનના સૌદ્ધાંતિક નિયમો બોર્ડ ઉપર લખીને સમજાવી દેવામાં આવે. ત્યારબાદ તે બાળકની પરીક્ષા લેવામાં આવે તો તે બાળક સારા નંબર સાથે પાસ થઈ જાય. પણ જો આજ રીતે કોઈ સ્લમ બાળકને સમજાવીને તેની એક્ઝામ લેવામાં આવે તો કદાચ તે બાળક આ એક્ઝામમાં પાસ થઈ શકશે નહી. કારણ કે એ બાળકને વિજ્ઞાન એટલે શુ? તેનો કોઈ ખ્યાલ નથી? પરંતુ શહેરના સેટેલાઈટ વિસ્તારમાં આવેલી દેવાશિશ સ્કુલમાં અત્યારે એવી કાર્યશાળા ચાલી રહી છે. જેમાં આ સ્લમ વિસ્તારમાં રહેતા બાળકો કે જે છુટક મજુરી કરીને પોતાના માતા પિતાની મદદ કરે છે, તે બાળકોને પપેટ શો ( કઠપૂતળી)ના માધ્યમથી વિજ્ઞાનના સિદ્ધાંતો શિખવાડવામાં આવી રહ્યા છે. આ તમામ બાળકોને શહેરના અલગ અલગ વિસ્તારમાંથી અત્યારે આ સ્કુલમાં લાવીને આ વિજ્ઞાનના પાઠ શિખવાડવામાં આવી રહ્યા છે. આ બાળકોને પપેટના માધ્યમથી વિજ્ઞાન શિખવવા માટે સ્પેશિયલી દિલ્હીના સાયન્સ ડિપાર્ટમેન્ટમાંથી બે વ્યક્તિને બોલાવવામાં આવ્યા છે. આ વર્કશોપમાં વિજ્ઞાનના નિયમો ઉપરાંત કઠપૂતળીને કાગળમાંથી કઈ રીતે ... કરવી, ઉપરાંત પપેટ કઈ રીતે



સ્લમ બાળકોને કઠપૂતળી જેવા પરંપરાગત માધ્યમ દ્વારા વિજ્ઞાનના સિદ્ધાંતો શિખવાડવા માટે એક કાર્યશાળાની શરૂઆત કરવામાં આવી છે.

ચલાવવી અને પપેટ શો વખતે ડાઈલોગ ડિલીવરી કઈ રીતે કરવી આ તમામ બાબતો પણ શિખવાડવામાં આવશે.

• પપેટ શો દ્વારા વિજ્ઞાન શિખવાડવા આવેલા એસ એમ. ફેઝાની કહે છે કે કાર્ટુનની મદદથી બાળકને જો કોઈપણ અઘરી વસ્તુ પ્રેક્ટિકલી શિખવાડવામાં આવે તો બાળક તે જલ્દી શિખી જાય છે. કઠપૂતળીએ આપણુ પરંપરાગત માંધ્યમ છે અને એ જ માધ્યમના ઉપયોગથી આ બાળકોને ભણાવવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ. ટુ વે કોમ્યુનિકેશન હોવાથી બાળકોને પ્રશ્નો પૂછવા હોય તો તેમને પુછવાની છુટ આપવામાં આવી છે. અમે આ ટેક્નિક આ સંસ્થાના લોકોને પણ શિખવાડને જઈસુ જેના કારણે બીજા બાળકોને પણ આ જ્ઞાન મળી રહે.

હરેશભાઈ ત્રિવેદી કહે છે કે બાળકોને ભણવાની ઈચ્છા ઘણી હોય છે પણ ઘણીવાર પરિસ્થિતી એવી હોય છે કે કેટલાક બાળકોને છુટક મજુરી કર્યા કરવા સિવાય બીજા કોઈ છુટકારો હોતો નથી. અમારી સંસ્થાની સ્કુલો અંધજનમંડળ, શેલ્બી હોસ્પિટલ, સીવીસ હોસ્પિટલ, જુહાપૂરા વગેરે જેવા વિસ્તારોમાં ચાલી રહી છે. આ દરેક સ્કુલમાં અમારી સાથે વોલંટરી તરીકે ઘણા લોકો ભણાવવા માટે આવતા હોય છે. અમારી આ તમામ સ્કુલો રસ્તોઓ પર જ ચાલે છે. બાળકોને વિજ્ઞાનના સિદ્ધાતો સમજવામાં સરળતા રહે તે માટે આપણી પરંપરાગત અને બાળકોને મનોરંજન પુરી પાડનાર કથપૂતળીને માધ્યમ બનાવીને સ્લમ બાળકોને વૈજ્ઞાનિક સિદ્ધાતો શિખવાડવામાં આવે છે.

# બાળક માત્ર ભણતરને પાત્ર

**અમદાવાદઃ** કોઈને કોઈ કારણોસર ભીખ માંગવા લાગેલા કે મજૂરીમાં લાગી ગયેલા બાળકોને પપેટના માધ્યમથી શિક્ષણ આપવાના હેતુ સાથે સવેરા સ્કૂલ વિદ્યા ભારતી ફાઉન્ડેશન દ્વારા પાંચ દિવસીય સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ દરમિયાન બાળકોને પપેટ એટલે કે કથપૂતળી કેવી રીતે બનાવવી તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેનું શિક્ષણ આપવામાં આવશે ઉપરાંત પપેટના માધ્યમથી બાળકોને વિજ્ઞાનને લગતુ શિક્ષણ પણ અપાશે આ કેમ્પ દેવ આશિષ સ્કૂલ, બોળકદેવ ખાતે યોજાશે.



સંસ્થાના હરીશભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતુ કે આ કેમ્પનો સમય સવારે ૯:૩૦ કલાકથી સાંજના ૫:૩૦ કલાક સુધીનો છે અને આ અગાઉ તેઓ સવેરા સ્કૂલના અલગ-અલગ સેન્ટર્સ પર ભણતરને લક્ષી કાર્યો પણ કરી ચૂક્યા છે. અને તેઓ છેલ્લા ૩ વર્ષથી આ કાર્ય માટે કાર્યરત છે અને અહીં દરેક સેન્ટર પર ૨૫ થી ૩૦ જેટલા બાળકો સોમથી શનિ બે થી ત્રણ કલાકનું શિક્ષણ મેળવે છે.

આ ઉપરાંત તેઓએ જણાવ્યું હતું કે તેમનો હેતુ છે કે, આ બાળકો વિજ્ઞાનના ઉપયોગથી આગળ વધે અને પપેટ પ્રોડક્શનથી પોતાનું પેટીયું રળી શકે અને આ માધ્યમોથી સમાજને સામાજીક સંદેશાઓ અને માહિતીથી સભાન કરાવે.

bogus faculty members spared

Mysore and Delhi.

In the case of the RKDF college

The list has two doctors from VS hospital, two professors from Sola

teachers shown at such colleges are ghost faculty members," says Ruparel.

# Your 'pasti' brought these smiles

**Team TOI**

It's these infectious smiles that your 'pasti' has gifted the 30-odd children who regularly attend an 'open school' on SG Highway called Sai Savera. It's a day that these children will never forget. On Thursday, the 'Pasti ki Masti' team gifted a set of drawing and school stationery bought from sale of 102 kilograms of used newspaper and magazine which were collected at TOI-NGS Happy Streets last Sunday.




Nisha Thakor, 11, stays in the nearby one-room Narmada Vasahat. Her father works as a watchman during the night and a labourer in a nearby factory. She has been coming to this school for the past five years.

"The drawing session was a big surprise for us today. I painted the Sabarmati River. We learn English, Maths and Gujarati here at this school. I want to become a teacher when I grow up," she said.

The seven-year-old Sai Savera school functions under a tree in an open plot just besides Shalby Hospital between 8 am and 11 am.











**HAPPY streets**

OUR ROADS. OUR WAY.

**Time** | 6 to 9.30 am

**Venue** | C. G. Road from Panchvati to Stadium Crossroads

**This Sunday get your Pasti (old newspapers) to Happy Streets. The proceeds from the collection**

અમદાવાદ સિટી GUJARAT SAMACHAR 20/02/2014

CITY TALKS | EVENTS | FASHION | MOVIES | FOOD FUNDA | AUTOMOBILES | TECHNOLOGY | BOLLYW

# ગુજરાતમાં દરરોજ નવા ૨૪૪ લોકો વ્યસનનાં રવાડે ચડે છે

તમાકુનું વ્યસન કરવાથી કેન્સર જેવી જીવલેણ બિમારીઓ થાય છે. આજના સમયે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી વ્યસનનાં રવાડે ચડી જાય છે. બાળકો ઘણી વખત નાની ઉંમરે પણ વિવિધ પ્રકારના વ્યસન કરતા નજરે ચડતા હોય છે. શહેરની જોધપુર વિસ્તાર આવેલી મ્યુનસિપલ સ્કૂલમાં ૨૦૦ વધુ વિદ્યાર્થીઓને વ્યસન મુક્તિ માટેનાં સંકલ્પો લેવડાવ્યા હતા.

સ્કૂલનાં વિદ્યાર્થી વ્યસનમુક્ત થાય તે માટે વિદ્યા ભારતી સંસ્થા દ્વારા કાર્યક્રમ મ્યુનિસિપલ સ્કૂલમાં યોજવામાં આવ્યો હતો. વિદ્યા ભારતી સંસ્થાનાં હરેશ ત્રિવેદી કહે છે કે તમાકુ, સિગારેટ અને બીડી જેવા વ્યસન વર્તમાન સમયનાં વિદ્યાર્થીમાં સામન્ય બનતા જાય છે. પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ખુબ જ નાની ઉંમરે વ્યસનનાં રવાડે ચડી જતાં હોય છે.




**જોધપુર વિસ્તાર આવેલી મ્યુનિસિપલ સ્કૂલનાં ૨૦૦થી વધુ બાળકોને વ્યસન મુક્તિનાં સંકલ્પો લેવડાવ્યા**

નાની ઉંમરથી વ્યસન કરતા થતા હોય ત્યારે જો જલ્દી તેમાંથી છુટકારો મેળવી શકતા ન હોય ત્યારે મોટી ઉંમરે આદત પડી જતી હોય છે. આદત પડ્યા પછી

બાળકોને કાચી ઉંમરથી વ્યસન જેવી બાબતોથી જાગૃત કરીશું તો આવનારી પેઢીને આપણે સમજાવી શકાય છે. કોઈ સ્કૂલની આસપાસ ૧૦૦ મીટરની દૂર

પ્રતિબંધ છે છતાં આપણે ત્યાં કાયદાનું પાલન થતું નથી. ગુજરાતમાં દરરોજ નવા ૨૪૪ લોકો વ્યસનનાં રવાડે ચડે છે. ભારતમાં વિશ્વની અંદર તમાકુનાં ઉત્પાદનમાં ત્રીજા ક્રમે છે. બાળકોમાં નાનાપણથી જાગૃતા આવશે તો વ્યસન મુક્તિમાં આપણે સફળતા પ્રાપ્ત કરી શકીશું તમાકુ, બીડી , દારુ , સિગારેટ જેવા વ્યસન શરીર માટે નુકસાનકારક છે અને આર્થિક રીતે કુટુંબનું ધોવાણ કરે છે.

સ્કુલનાં વિદ્યાર્થીઓએ તમાકુની વિપરિત અસરો અને વ્યસન શારીરિક , સામાજિક અને આર્થિક રીતે નુકસાનકારક જેવા સબ્જેક્ટ પર નિબંધ સ્પર્ધા ટ્રોનિંગ સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. વિનર્સને ઈનામ આપવામાં આવ્યા હતા. શાળાનાં કેમ્પસમાં વ્યસન કરવાથી થતું નુકસાને લગતા

**ગ્લોબલ ફેક્ટ**



ઇ-મેલનો સતત ઉપયોગ કરનારા જંક મેલની સમસ્યાનો ભોગ બની ચૂક્યા હશે. પણ આવી નકામી 'ટપાલો' વાંચવામાં અમેરિકનો અવ્વલ નંબર પર છે. એક અંદાજ મુજબ ઇ-મેલ પર આવતી આવી જંક મેલ વાંચવામાં અમેરિકનો તેમની જિંદગીના આઠ મહિના બગાડી નાખે છે. લો, બોલો મિનિટનો હિસાબ કરનારા જિંદગીના અમૂલ્ય આઠ મહિના વેડફી નાખે છે!



# હાઈપર એક્ટિવ બાળકને કાઉન્સેલિંગની જરૂર નથી

## આવાં બાળકોનાં માતા-પિતા કાઉન્સેલિંગ મેળવે તો સ્થિતિમાં સુધારો આવે છે

**ભાસ્કર ન્યૂઝ. અમદાવાદ**

એટેન્શન ડેફિસીટ હાઈપર ડિશઓર્ડર એ કોઈ રોગ નથી, પરંતુ તેના માટે માતા-પિતા દ્વારા જો યોગ્ય કાઉન્સેલિંગ લેવામાં આવે તો તેનું સારું પરિણામ મળી શકે છે. નવરંગપુરા ખાતે રહેતા ડો. સુનીલ પાંડે કહે છે કે, એ.ડી.એચ.ડી. કોઈ રોગ નથી પરંતુ સમસ્યાની વાત તો એ છે કે આ વાત માતા-પિતા પણ સમજતાં નથી અને બાળક પણ સમજતુ નથી. તે કહે છે કે આજે મારો દીકરો ઈશાન આજે ચૌદ વર્ષનો છે તે સેન્ટ્રલ સ્કૂલમાં ભણે છે. મારો દીકરો ઘણો હોંશિયર છે. પરંતુ પહેલા તે જ્યારે ભણવા બેસતો ત્યારે તેના ભણવામાં વધુ ધ્યાન આપતો ન હતો. માટે અમને એવું થતું કે વારંવાર તેને ટોકવા છતાં તે અમારી વાત પર ધ્યાન કેમ આપતો નથી. અમને જાણવા મળ્યું કે કાઉન્સેલિંગથી બાળકમાં હકારાત્મક પરિણામો લાવી શકાય છે અને અમે તે જ્યારે બાર વર્ષનો હતો ત્યારે તેના માટે કાઉન્સેલિંગ લીધું હતું. આજે પરિણામ એ આવ્યું કે હવે તેને એક વખત અમે બોલાવીએ કે તરત જ અમારી વાત પર ધ્યાન આપે છે. આમ તો બાળકોમાં

### બાળકની ચંચળતા

ચંચળતા આવકાર્ય છે પરંતુ અતિચંચળતા અભિશાપ રૂપ છે. લોકોની બદલાતી જીવનશૈલી અને માનસિક ક્ષતિ કોઈ રોગ ન હોવા છતાં રોગચાળાની માફક વિસ્તરે છે જે મહદઅંશે બાળકોમાં જોવા મળે છે. જ્યારે અમરાઈવાડી ખાતે રહેતા પલ્લવ પ્રિયદર્શી કહે છે કે આજે મારી દીકરી ઈશિકા ધૂન ફાઉન્ડેશનમાં ચોથા ધોરણમાં ભણે છે. તે જ્યારે દોઢ વર્ષની હતી ત્યારે મારાં વાઈફ મમતા એ અમારી દીકરી માટે કાઉન્સેલિંગ લીધું હતું. જેને કારણે તે કોઈ પણ એક કામમાં ધ્યાન આપી શકતી નહોતી. પરંતુ અમે લીધેલી કાઉન્સેલિંગ ટેક્નિક ને કારણે આજે તેનામાં ઘણું પરિવર્તન આવ્યુ છે. જ્યારે વિદ્યાભારતી ફાઉન્ડેશનના કાઉન્સેલર આર.કે. સિંઘ કહે છે કે એ.ડી.એચ.ડી કોઈ રોગ નથી. પરંતુ તે ધરાવતાં બાળકોમાં શક્તિનો અનેરો સ્ત્રોત વહેતો હોય છે. જેથી તેમના માટે કોઈ કાર્યમાં સ્થિર થવું મુશ્કેલ થઈ જાય છે. આવા બાળકો માટે જો માતા-પિતા કાઉન્સેલિંગની મદદ લે તો તેના દ્વારા બાળકો ખોરાક તેમજ અન્ય પ્રવૃત્તિઓમાં યોગ્ય ફેરફાર કરીને બાળકોમાં સારું પરિણામ લાવી શકાય છે.

### હાઈપર એક્ટિવ બાળકનાં લક્ષણો



- કોઈ એક કાર્ય પૂરું ના કરે અને કંટાળીને બધા કામ અધૂરા છોડી દે.
- તેમની વસ્તુઓ વારંવાર ખોઈને આવે
- ઘણી વાર આવા બાળકો જીદ પૂરી ના થતા વધુ ઉગ્ર બને છે અને ચીજ વસ્તુઓ ફેંકે છે.
- ૧૫થી ૨૦ મિનિટના હોમવર્કમાં એકથી દોઢ કલાક લે છે.
- ત્રણ ચાર વખત બોલાવવા છતાં પોતાની પ્રવૃત્તિમાં લીન રહે છે.
- પોતાની ઉંમર કરતા નાનાં બાળકો સાથે રમવાનું પસંદ કરે છે.

Thanks